# હિંમતનગર નગરપાલિકા

## ONLINE TENDER SURVEY AGENCIES

- Selection of Survey Agencies for the Total Station/DGPS/DRONE Survey Work of Open Area/Built-up Area, to prepare base map and other records and demarcation work for the Draft Town Planning Scheme no.2 (Himmatnagar - Motipura), Draft Town Planning Scheme no.3 (Himmatnagar), Draft Town Planning Scheme no.4 (Himmatnagar) approx total area of 538.06 hectares at Himmatnagar Nagarpalika, Himatnagar.

- હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (હિંમતનગર-મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (હિંમતનગર) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી બાબત.

**હિંમતનગર નગરપાલિકા**


ટાવર રોડ, જુના સરકીટ હાઉસની બાજુમાં,
હિંમતનગર- ૩૮૩૦૦૧
જીલ્લો-સાબરકાંઠા
ઓફીસ -: ૨૪૧૭૧૦, ૨૪૦૭૪૪
**E-mail id:-** np_himatnagar@yahoo.com

## હિંમતનગર નગરપાલિકા, હિંમતનગર

### ઇ-ટેન્ડર નોટીસ-૨૦૨૬-૨૭

હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (હિંમતનગર -મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (હિંમતનગર) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી માટે લાયક સર્વે એજન્સી નિમણુક કરવા ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે .જે અંગેની માહિતી ખાતાની વેબસાઇડ ઉપર તેમજ ટેન્ડર www.nagarpalika.nprocure.com વેબસાઇટ ઉપર જોવા મળશે .

| નં. | કામનું નામ | ટેન્ડર ફી | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧ | હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (હિંમતનગર- મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (હિંમતનગર) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી બાબત. | ૧૫૦૦/- | ૫૦૦૦૦/- |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ થી ૦૨/૦૭/૨૦૨૬ |
| ઓનલાઇન ટેન્ડર ભાવો ભરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| ટેન્ડર ફી, બાનાની રકમ મોકલવાની છેલ્લી તારીખ | તા. ૦૮/૦૭/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી ફકત રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટ/ કુરીયર દ્વારા ચીફ ઓફીસર, હિંમતનગર નગરપાલીકા ટાવર રોડ, જુના સરકીટ હાઉસની બાજુમાં,, હિંમતનગર - ૩૮૩૦૦૧ ખાતે મોકલવાની રહેશે. |
| ઓનલાઇન ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ (જો શકય હશે તો) | તા.૧૩/૦૭/૨૦૨૬, ૧૨.૦૦ કલાકે શકય હશે તો, હિંમતનગર નગરપાલીકા, હિંમતનગર |

| | | | |
|---|---|---|---|
| ઉપેન્દ્ર ગઢવી<br>ચીફ ઓફીસર | ગોપાલભાઇ પ્રજાપતિ<br>ચેરમેન<br>ટાઉન પ્લાનીંગ સમિતિ | રાહુલભાઇ પટેલ<br>ચેરમેન<br>કારોબારી સમિતિ | અરૂણાબેન કડીયા<br>પ્રમુખ |

હિં મ ત ન ગ ર ન ગ ર પા લિ કા

# હિંમતનગર નગરપાલિકા

- હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (હિંમતનગર-મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (હિંમતનગર) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી સારૂ લાયક સર્વે એજન્સી નક્કી કરવા ટેન્ડર ઓફરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરની અન્ય વિગતો tender.nprocure.com ઉપર તા.૧૬/૦૬/૨૦૨૬ થી ઓનલાઈન જોવા મળશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તા.૦૨/૦૭/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધીની છે.

| અગત્યની તારીખો | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફી | : | ૧૫૦૦/- (DD)<br>**In Favor of** "Chief Officer, Himatnagar Nagarpalika" |
| ૨ | ઇ.એમ.ડી | : | ૫૦૦૦૦/- (FDR)<br>**In Favor of** "Chief Officer, Himatnagar Nagarpalika" |
| ૩ | ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ | : | તા.૧૬/૦૬/૨૦૨૬ થી તા.૦૨/૦૭/૨૦૨૬ |
| ૪ | ઓનલાઇન ટેન્ડરમાં ભાવો ભરવાની છેલ્લી તારીખ | : | તા.૦૨/૦૭/૨૦૨૬ |
| ૫ | ટેન્ડર ફી, બાનાની રકમ મોકલવાની છેલ્લી તારીખ | : | તા.૦૮/૦૭/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી ફકત રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટ/ કુરીયર દ્વારા ચીફ ઓફીસર, હિંમતનગર નગરપાલીકા, ટાવર રોડ, જુના સરકીટ હાઉસની બાજુમાં, હિંમતનગર - ૩૮૩૦૦૧ ખાતે મોકલવાની રહેશે. |
| ૬ | ઓનલાઇન ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ (જો શકય હશે તો) | : | તા.૧૩/૦૭/૨૦૨૬, ૧૨.૦૦ કલાકે શકય હશે તો, હિંમતનગર નગરપાલીકા, હિંમતનગર |
| ૭ | ટેન્ડર નોટીસની વિગત તેમજ ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઇટ | : | www.tender.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. |
| | | | |

# ઓનલાઇન ટેન્ડરીંગ

## હિંમતનગર  નગરપાલિકા

હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર  વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ  નગર રચના યોજના નં.૨ (હિંમતનગર-મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (હિંમતનગર) તથા મુસદ્દારૂપ  નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી સારૂ લાયક સર્વે એજન્સી નક્કી કરવા ટેન્ડર ઓફરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરની અન્ય વિગતો tender.nprocure.com ઉપર તા.૧૬/૦૬/૨૦૨૬ થી ઓનલાઈન જોવા મળશે. ઓનલાઈન સબમીશન ની છેલ્લી તા.૦૨/૦૭/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધીની છે.

ક્રમાંક: નગરપાલિકા/ટેન્ડર/ડીમાર્કેશન/
સ્થળ:-હિંમતનગર
તા.    /    /૨૦૨૬

ચીફ ઓફીસર
હિંમતનગર  નગરપાલિકા
હિંમતનગર

# પરિશિષ્ટ- 'અ'

હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (હિંમતનગર-મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (હિંમતનગર) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી સારૂ સર્વે એજન્સીની નિમણૂક કરવા માટે લાયક સર્વે એજન્સીઓની નિમણૂંક કરવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. | ટેન્ડર ફી (નોન રીફન્ડેબલ) | : ૧૫૦૦/- |
| ૨. | ટેન્ડર સાથે ભરવાની બાનાની રકમ | : ૫૦,૦૦૦/- |

ચીફ ઓફીસર
હિંમતનગર નગરપાલિકા
હિંમતનગર

- હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારની ટોટલ સ્ટેશન/ ડી.જી.પી.એસ./Drone મશીનથી માપણી કરી સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી

# પત્રક-૧

ટેન્ડરની સુચના

(૧) ટેન્ડર નોટીસમાં જણાવ્યા મુજબ હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ટોટલ સ્ટેશન/DGPS/DRONE મશીનથી માપણી કરી સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી કરવા સર્વે એજન્સી નકકી કરવા બાબતે કોરા ટેન્ડર ફોર્મ એજન્સી ઓનલાઈન www.tender.nprocure.com પરથી મેળવી જરૂરી વિગતો સહિત નિયત સમય મર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ અસલ ટેન્ડર પેપર બાનાની રકમ, ટેન્ડર ફી વિગેરે હાર્ડ કોપીમાં સિલબંધ કવરમાં નિયત સમયમર્યાદામાં હિંમતનગર નગરપાલિકા કચેરીએ સાદર કરવાના રહેશે.

(૨) આગલા વર્ષના ઈન્કમટેક્સ કલીયરન્સ સર્ટીફીકેટ તથા જી.એસ.ટી. નંબર વિગેરેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૩) હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારની અંદાજીત ૫૩૮.૦૬ હેકટરમાં ટોટલ સ્ટેશન/ D.G.P.S./DRONE મશીનથી માપણી કરી સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી સારૂ કરવા, હિંમતનગર નગરપાલિકાની કચેરીનું રેકર્ડ તૈયાર કરવા અને હિંમતનગર નગરપાલિકા સુચના આપે તે અંતિમખંડો/રસ્તાનુ ડી-માર્કેશન કરવાની કામગીરી અંગે ખ્વાહિશ / ઈચ્છા ધરાવનાર, અનુભવી સર્વે એજન્સીના ટેન્ડરરોએ ટેન્ડર ફોર્મમાં સંપુર્ણ માહિતી ભરી જરૂરી તમામ જગ્યાએ સહી સિકકા કરી ઓનલાઈન અપલોડ કરવા તેમજ હિંમતનગર નગરપાલિકા કચેરીએ મોડામાં મોડુ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે:૧૮.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે બાનાની રકમ (EMD) ના સ્થાનિક રાષ્ટ્રીય/શીડયુલ્ડ બેંકના પે ઓર્ડર/ ડિમાન્ડ ડ્રાફટ સહિત સીલબંધ કવરમાં ફકત રજી.એ.ડી.થી અથવા સ્પીડપોસ્ટથી મોકલી આપવાનું રહેશે. અન્ય કોઈપણ રીતે મોકલાવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી અને તેવા ટેન્ડરો રદ થવાને પાત્ર રહેશે.

(૪) દરેક ટેન્ડર સાથે સર્વેની કામગીરી માટે જણાવેલ બાનાની રકમ (EMD)નો સ્થાનિક શીડયુલ્ડ બેંકનો પે ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફટ અચુક બીડવાના રહેશે, બાનાની રકમ વિનાના ટેન્ડર રદ થયેલ ગણાશે. આઉટ સ્ટેશન/શીડયુલ બેંક સિવાયના ચેક /ડ્રાફટ માન્ય રહેશે નહી જેની નોંધ લેવી.

(૫) ટેન્ડરરે ટેન્ડર સાથે પોતાની કોઈપણ શરત રજુ કરવાની નથી. શરતી ટેન્ડર રદ થયેલ ગણાશે.

(૬) કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે કેમ તે અંગે હિંમતનગર નગરપાલિકા નો હક્ક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહી.

(૭) ટેન્ડર કવર ન.૧ ઉપર " ટેન્ડર નોટીસનો નંબર" તથા કામનું નામ " હિંમતનગર નગરપાલિકા ના વિસ્તારમાં ટોટલ સ્ટેશન/ D.G.P.S./DRONE મશીનથી માપણી કરવા તથા તેને આનુસાંગીક અન્ય કામગીરી કરવા અંગે એજન્સી નક્કી કરવા બાબત તેમ સ્પષ્ટ લખવાનું છે.

(૮) દરેક ટેન્ડરે બાનાની રકમના સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેંકના " હિંમતનગર નગરપાલિકા " ના નામના પે ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફટ કવર નં. (૨) માં સીલબંધ કરી તથા ટેન્ડર ફોર્મ તથા માંગેલ પુરાવા / પ્રમાણપત્ર અલગથી કવર નં. (3) માં સીલબંધ કરી, બંને કવરો કવર નં.(૧) માં મુકી ભરેલું સહી સિક્કા સહીતનું સીલબંધ ટેન્ડર હિંમતનગર નગરપાલિકા કચેરીએ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં ફકત રજી.પોસ્ટ એ.ડી./ કુરીયર અથવા સ્પીડપોસ્ટ થી મોકલવાનું રહેશે. નિયત મુદ્દત બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.

(૯) બાનાની રકમના રાષ્ટ્રીય/સ્થાનિક શીડયુલ બેંકના પે ઓર્ડર/ડીમાન્ડ ડ્રાફ્ટ કવર નં.(૨) માં અચુક મુકવાનો રહેશે. જો તે કવરમાં સ્થાનિક શીડયુલ બેંકના પે ઓર્ડર/ડીમાન્ડ ડ્રાફટ ન હશે તો, તે ટેન્ડરનું કવર નં.(3) ખોલવામાં આવશે નહી અને ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૧૦) ટેન્ડર ભરનારે ટેન્ડર ફોર્મનાં પત્રક-૨,૩,૪,૫ તથા પત્રક-૬ ઉપર દર્શાવેલ નિયત જગ્યા એ અચુક સહી કરવાની રહેશે તે સિવાય ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૧૧) ટેન્ડર વેલીડીટી પિરીયડ ટેન્ડર ખુલ્યાની તારીખથી ૬૦ દિવસ સુધીનો ગણાશે.

(૧૨) એલોટમેન્ટ લેટર મળ્યેથી સદર કામ પૂર્ણ કરવા અંગેની નિયત મુદત / સમયમર્યાદા જે તે કામના ઉલ્લેખીત પ્રકારમાં દર્શાવ્યા મુજબની રહેશે.

(૧૩) સદર કામને લગતા કોઈપણ પ્રકારના કાનુની/ વિવાદનું નિરાકરણ હિંમતનગર કોર્ટના કાર્યક્ષેત્ર હેઠળ જ કરવાનું રહેશે. હિંમતનગર કોર્ટના કાર્યક્ષેત્ર બહાર કરવામાં આવશે નહી.

ચીફ ઓફીસર
હિંમતનગર નગરપાલિકા,
હિંમતનગર

ઉક્ત તમામ શરતો મે વાંચી છે અને મને કબુલ મંજુર છે.

ટેન્ડરરની સહી તથા સિક્કો
તારીખ:-

# પત્રક-૨

હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારની અંદાજીત ૫૩૮.૦૬ હેકટરમાં ટોટલ સ્ટેશન/ D.G.P.S./DRONE મશીનથી માપણી કરી સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી માટે લાયક સર્વે એજન્સીઓની નિમણૂંક કરવા બાબત.

[A] સામાન્ય શરતો :-

(૧) હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારની ટોટલ સ્ટેશન/ D.G.P.S./DRONE મશીનથી માપણી કરી સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી સારૂં, સદર ટેન્ડર પાડવામાં આવેલ છે.

(૨) દરેક પાના પર સિક્કા સાથે સહી કરવા.

(૩) હિંમતનગર નગરપાલિકાને કોઇ રીતે નુકશાન ન થાય તેની ખાસ કાળજી એજન્સીએ રાખવાની રહેશે.

(૪) એજન્સીએ નીચે મુજબની ઓછામાં ઓછી લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૫) સ્થળે વધુ પડયેથી જ બાવળ, ઝાડી-ઝાંખરા માપણી/ડીમાર્કેશન વખતે જો દુર કરવાની જરૂરીયાત જણાય તો એજન્સીનાં ખર્ચે કામગીરી કરવાની રહેશે.

(૬) સદર કામગીરી માટે જરૂરી મહેસુલી રેકર્ડ ૭/૧૨, ૮-અ, ટીપ્પણ ખાનગી જમીનના ડી.આઇ.એલ.આર. કચેરીનાં હિસ્સા માપણી શીટ તથા કબજા માપણી શીટ, હિસ્સા ફોર્મમાં નં-૪, ફોર્મમાં નં-૧૧અ મંજૂર થયેલ બિનખેતી લે-આઉટ પ્લાન, નવા ગામતળના લે-આઉટ પ્લાન, સરકારશ્રી દ્વારા સરકારશ્રીનાં જુદા-જુદા વિભાગ, અર્ધ સરકારી સંસ્થા, સરકારશ્રીનાં બોર્ડ નિગમ, કંપની, કેન્દ્ર સરકારનાં જુદા-જુદા વિભાગ, ખાનગી વ્યક્તિ, ટ્રસ્ટ સંસ્થા કે અન્યને ફાળવાયેલ જમીનના ડી.આઇ.એલ.આર. કચેરીનાં માપણીશીટ, હિસ્સા ફોર્મમાં નં-૪, વિગેરે તમામ જરૂરી રેકર્ડ એજન્સીએ તેમના રેકર્ડ એજન્સીએ તેમના ખર્ચે લાવવાનું રહેશે. એજન્સી દ્વારા મેળવાયેલ તમામ રેકર્ડ કામગીરીપૂર્ણ થયે લેખિતમાં જમા કરવવાનું રહેશે, તમામ રેકર્ડની માલિકી હિંમતનગર નગરપાલિકા ની રહેશે, જેનો ઉપયોગ, વેચાણ અન્ય કોઇ એજન્સી કે વ્યક્તિને ઉપયોગ કરવા આપી શકાશે નહી. આ પ્રકારના કિસ્સાઓ ધ્યાન પર આવશે તો હિંમતનગર નગરપાલિકા દ્વારા સોંપાયેલ કામગીરી રદ કરી સિકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી એજન્સી સામે કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૭) તમામ જરૂરી સ્ટેશનરી/ સાહિત્ય તથા મેળવણાં માટે અન્ય કચેરીમાંથી મેળવવાનું થતું જરૂરી તમામ રેકર્ડ સર્વે કામ કરનાર એજન્સીએ તેમના ખર્ચે લાવવાનું રહેશે.

(૮) એજન્સી દ્વારા તૈયાર કરાયેલ કામગીરી જેવી કે નકશાઓ, ડેટાની સોફટ કોપી, કો-ઓર્ડીનેટ પત્રક, ટાઈ માપબુક તથા માપણી/ ડીમાર્કેશનની કામગીરી દરમ્યાન તૈયાર કરવાનું થતુ જરૂરી રેકર્ડ જરૂરીયાત મુજબ આપવાનુ રહેશે. એજન્સીએ દરેક નકશા તથા અન્ય સોંપવાના થતા જરૂરી તમામ રેકર્ડ સહી સિક્કા સાથે

રજુ કરવાનાં રહેશે. સ્થળ ઉપર લગાવવામાં આવેલ કોન્ક્રીટ બ્લોક્સ/પથ્થરનાં લોકેશન દર્શાવતો નકશો રજુ કરવાનો રહેશે.

(૯) સદર કામગીરી હિંમતનગર  નગરપાલિકા ના મૌખિક/લેખિત આદેશથી શરૂ કરવાની રહેશે. કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કામગીરી બંધ રાખી શકાશે નહી.પ્રતિ કામગીરી અહેવાલ ફરજીયાત આપવાનો રહેશે. જેટલા દિવસ કામગીરી બંધ રહેશે તેટલા દિવસ માટે પ્રતિ દિન રૂા- ૧૦૦૦/- લેખે દંડની રકમ બીલ / સિકયોરીટી ડીપોઝીટની રકમમાંથી કપાત કરી લેવામાં આવશે. જેની સામે કોઇ વાંધો લઇ શકાશે નહી. સૂચના પ્રમાણેની કામગીરી મુદ્દત દરમ્યાન કરવામાં નહી આવે તો હિંમતનગર  નગરપાલિકાને યોગ્ય લાગશે ત્યારે એજન્સીના ખર્ચે અને જોખમે અન્ય એજન્સી પાસે કામ પૂર્ણ કરાવશે. આમ બાકી રહેતુ કામ પૂર્ણ કરવામાં હિંમતનગર  નગરપાલિકાને એજન્સી સાથે થયેલ કરાર ખત કરતા વધુ ખર્ચ થશે તો તે એજન્સી પાસેથી કાયદેસર રીતે આ વધારાનો ખર્ચ વસુલ કરી શકશે. એજન્સી સાથે થયેલ કરાર ખત ચાલુ રાખવા / રદ કરવા બાબતે હિંમતનગર  નગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૦) જો એકસ્ટ્રા આઇટમ ટેન્ડરમાં નહી હોય, તેવા કિસ્સામાં માર્કેટ રેટ મુજબ ભાવો ચુકવવામાં આવશે.

(૧૧) અત્રેથી માન્ય રખાયેલ એજન્સીનુ કામ સંતોષકારક જણાશે નહી તો, તેને ટર્મીનેટ કરી અન્ય માન્ય કરાયેલ એજન્સી પૈકી કોઇ એક એજન્સીને આ કામ સોંપવામાં આવશે

તાંત્રિક:-

(૧) ઓછામાં ઓછી પાંચ (૦૫) નગર રચના યોજનાઓની માપણી તથા મેળવણી તથા ડિમાર્કેશન કરવા અંગેની કામગીરી સંતોષકારક રીતે પુર્ણ કરેલ હોવી જોઈએ (તેના પ્રમાણપત્રો અત્રે રજુ કરવા).

(૨) એજન્સી પાસે પોતાના ઓછામાં ઓછા બે (૦૨) અદ્યતન ટોટલ સ્ટેશન સર્વેના સાધનો (સંપુર્ણ એસેસરીઝ સહીત) તેમજ એક(૧) ડી.જી.પી.એસ. હોવા જોઈએ. (તે પરત્વે બિલ અંગેના પુરાવા રજુ કરવાના રહેશે.)

(૩) એજન્સી અંતર્ગત ઓછામાં ઓછુ નીચે મુજબની માનવ શક્તિ ધરાવતા હોવા જોઈએ.

| અ.નં | ઓછામાં ઓછી લાયકાત | સંખ્યા |
|---|---|---|
| ૧ | ટીમ લીડર (માન્ય સંસ્થામાંથી ફુલ ટાઈમ સિવિલ ઈજનેરીમાં ડીગ્રી સ્નાતક) | ૦૧ |
| ૨ | સીનીયર સર્વેયર (માન્ય સંસ્થામાંથી ડિપ્લોમા ઇન સિવિલ ઇજનેરી) | ૦૨ |
| ૩ | સર્વેયર (માન્ય સંસ્થામાંથી આઇ.ટી.આઇ. ઇન સર્વેયીંગ) ડીપ્લોમાં ઇજનેર (માન્ય સંસ્થામાંથી ડિપ્લોમા ઇન સિવિલ ઇજનેરી) | ૦૨ |

(૪) અનુભવ

| અ.નં | ઓછામાં ઓછી લાયકાત | અનુભવ (વર્ષ) | સંખ્યા |
|---|---|---|---|
| ૨ | સીનીયર સર્વેયર (માન્ય સંસ્થામાંથી ડિપ્લોમા ઇન સિવિલ ઇજનેરી) | ૨ | ૦૧ |
| ૩ | સર્વેયર (માન્ય સંસ્થામાંથી આઇ.ટી.આઇ. ઇન સર્વેયીંગ) ડીપ્લોમાં ઇજનેર (માન્ય સંસ્થામાંથી ડિપ્લોમા ઇન સિવિલ ઇજનેરી) | ૩ | ૦૩ |

(૫)એજન્સીએ DRONE થી માપણી અંગેની કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોવી જોઇએ (તેના વોર્કઓડર / પ્રમાણપત્રો અત્રે રજુ કરવા)

(૬)DRONE PIOLET નું પ્રમાણપત્રો અત્રે રજુ કરવાનું રેહશે.

ઉપરોક્ત ટેબલ મુજબના ટીમ લીડર અને ઓછામાં ઓછો એક સિનિયર સર્વેયર કંપનીના પૂર્ણ સમયના કર્મચારી હોવા જોઈશે. અને અન્ય કોઈ બાહ્ય કન્સલન્ટ હોવા જોઈશે નહી. અને તે અન્વયે બિડના સમયે કંપનીએ જરૂરી આધાર પુરાવા સહ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

નાણાકીય :

(૧) એજન્સીનો છેલ્લા ત્રણ વર્ષના સમયગાળામાં ટર્ન ઓવરની સરેરાશ રકમ ઓછામાં ઓછી ૯૦ લાખ રૂપીયા હોવી જોઈએ. (સદરહું બાબતે નિયત નમુનામાં પુરાવા રજુ કરવાના રહેશે.) ઉપરોક્ત લાયકાતો બાબતે પત્રક - ૫, ૬, ૭, ૮, ૯ મુજબના પુરાવા રજુ કરવાના રહેશે.

ટેન્ડર જમા કરવા અંગેની માહિતી:

સદરહું ટેન્ડરમાં દર્શાવેલ વિગતોમાં જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા સહ પરબીડીયામાં (કવરમાં) જણાવેલ સરનામે નિયત સમયમાં જમા કરાવવાનું રહેશે.

ટેન્ડરરની પસંદગીની પ્રકીયા :

(૧) ટેન્ડર દ્વારા હિંમતનગર નગરપાલિકા જમા કરાવેલ ટેન્ડર પૈકી સૌપ્રથમ ટેકનીકલ (તાંત્રીક) બીડ પરબીડિયુ ત્યારબાદ અન્ય પરબીડિયુ ખોલવામાં આવશે તથા તે પરત્વે ટેન્ડરમાં દર્શાવેલ શરતોએ નગરપાલિકા દ્વારા ચકાસણી કરવામાં આવશે.

(૨) ઉપરોક્ત તમામ ટેન્ડરરો પૈકી તાંત્રીક ચકાસણીમાં શરતોને આધીન લાયક કરેલ ટેન્ડરરને જ ભાવપત્રક ખોલવામાં આવશે.

(૩) માપણી/ડીમાર્કેશનની કામગીરી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે મૌખિક/લેખિત આદેશથી જાણ કરવામાં આવશે. કામગીરી સળંગ પૂર્ણ કરવાની રહેશે.

(૪) આમા કબૂલ કરેલી તેવી કામની જુદી જુદી બાબતો માટેની શરતો તે બાબતો મંજૂર કરેલી સમજૂતી અનુસાર પૂરી કરવામા આવેલી છે એમ સ્વીકારવામાં આવે તો જ કાયદેસર ગણાશે. જે તે પ્રસંગે કામની સદરહું બાબતો એવી રીતે પૂરી કરી છે એમ સ્વીકારવામાં નહીં આવે તે પ્રસંગે ચીફ ઓફીસરશ્રી છેવટના બીલો તૈયાર કરતી વખતે વ્યાજબી લાગે તેવા ઘટાડાના દરથી બીલો કરવાનો મુખત્યાર છે.

(૫) કોન્ટ્રાકટરે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના કોઇને કામે રાખી શકાશે નહીં. કામ ઉપર જે માણસને ઓછી યોગ્યતા અને અનુભવના આધારે રાખવાની ચીફ ઓફીસરશ્રી મનાઇ કરે તે માણસને રાખી શકાશે નહી.

(૬) કામ ઉપર કોન્ટ્રાક્ટર પોતે અથવા તેના વતી કોઇ લાયકાત ધરાવનાર જવાબદાર માણસને જ રાખવાના રહેશે.

(૭) રસ્તો બંધ કરવા માટે દિવસના ભાગમાં તેવી સુચનાના બોર્ડ કોન્ટ્રાક્ટરે તેના ખર્ચ અને જોખમ મુકવાના રહેશે. આ માટે પ્રથમથી હિંમતનગર નગરપાલિકા ની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૮) નીચે સહી કરનાર કારણ દર્શાવ્યા વિના તમામ ટેન્ડર કે કોઇ પણ ટેન્ડર રદ કરવાની સતા અબાધિત રાખે છે.

(૯) ઈજારો મંજુર થતા સફળ એજન્સીએ તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરૂ ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર વિગેરેની વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તેની જાણ તાત્કાલિક હિંમતનગર નગરપાલિકા ને કરવાની રહેશે. એજન્સીએ જણાવેલ સરનામાં ઉપર હિંમતનગર વિસ્તાર વિકાસ સતામંડળ ધ્વારા જે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવે તે એજન્સીને મળ્યા બરાબર ગણાશે.

(૧૦) ઉપરોકત તમામ શરતો પૈકી કોઈ પણ શરતનું પાલન જો એજન્સી તરફથી કરવામાં ન આવે તો આ સંસ્થા તરફથી દિન-૩૦ ની નોટીસ આપી કામગીરીમાંથી મુકત કરવામાં આવશે અને આ તબક્કે કરેલ કામગીરી અંગે કોઈપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહીં.

(૧૧) બ્લેક લીસ્ટ ન થયાનું સોગંદનામુ / કબુલાતનામુ. રૂ. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તા. ૦૧/૦૪/૨૦૨૬ પછી નું હોવું જોઈએ

કામગીરી પ્રકાર:-

(એ) ફકત જમીન માપણીના કામ બાબતની શરતો:

(૧) એજન્સી દ્વારા જમીન માપણી તથા અન્ય આનુષંગિક તમામ કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૧૦ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૩(ત્રણ) માસમાં પૂર્ણ કરી, સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.

(૨) દરેક માપણીની સોંપણી સમયે એજન્સી દ્વારા જમીન માપણીમાં વપરાશ કરવામાં આવેલ સાધન (ટોટલ સ્ટેશન સર્વે ઇન્સ્ટ્રુમેન્ટ) નું પ્રમાણીત સંસ્થાનું કેલીબ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે

(૩) નિર્ધારીત કરેલ વિસ્તારની માપણી સેકન્ડની ચોકસાઇવાળા અદ્યતન ટોટલ સ્ટેશન સાથે કરવાની રહેશે.

(૪) નિર્ધારીત કરેલ વિસ્તારનો સર્વે કરી, કલાસીફાઇડ રસ્તા, પ્રસ્થાપિત ગાડા રસ્તા, પગદંડી, ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ, સોસાયટીના આંતરીક રસ્તા, ખાનગી રસ્તા સહિતના તમામ હયાત રસ્તા નામ સહિત દર્શાવી તથા જુદા જુદા માળખાગત બાંધકામો જેવા કેપાણી વિતરણ વ્યવસ્થાનું મકાન, ચેમ્બરઅને ગટર લાઇનના મેનહોલસુએજ પંપીંગ સ્ટેશન, ઓવરહેડ ઇલેકટ્રીક લાઈન(પોલ, જંક્શન બોક્ષ, ડી.પી. બોક્ષ અને લાઇનની ક્ષમતા(કે.વી.માં) ),ટેલીફોન લાઇનના થાંભલા વિતરણ /ઓ.એન.જી.સી. લાઇનનાસ્ટોન, રેલ્વે લાઇન, ઝાડ, ઐતિહાસિક સ્મારકો, બગીચા, તળાવ, નદી, નાળા, કેનાલ, કુવા, ધાર્મિક બાંધકામ તથા દેરી પ્રકારના બાંધકામો, બોરવેલ તથા પંપરૂમ વિ. જાહેર હેતુ માટેના મકાન જેવા કે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, પોસ્ટ ઓફિસ, હોસ્પિટલ, રમતગમતના મેદાન વિગેરેજેવા તમામ બાંધકામની માપણી વધુમાં વધુ ત્રણ સેકન્ડની ચોકસાઈવાળા ટોટલ સ્ટેશનથી કરી એનોટેશન ની સોફ્ટ કોપી સહિત જમા/સબમીટ કરવાનો રહેશે.

(૫) નિર્ધારીત કરેલ વિસ્તારનો સર્વે કરી નકશાને કે.એમ.ઝેડ/કે.એમ .એલ./શેપ ફાઇલ ફોર્મેટમાં અલગથી આપવાની રહેશે.

(૬) સદરહું કામગીરી માટે નીચે મુજબના ધોરણે મહેનતાણાની રકમ ચૂકવવામાં આવશે.

અ. રોડ-રસ્તા નું ડિમાર્કેશન નું બિલ ક્ષેત્રિય કામગીરી પૂર્ણ થયા બાદ કરેલ કામગીરીની તમામ વિગતો કચેરીમાં જમા કરાવ્યા બાદ માપણી કરેલ વિસ્તારનું ક્ષેત્રફળ હેકટરમાં દર્શાવી બીલ રજુ કરવાનું રહેશે. સદર બિલ હિંમતનગર નગરપાલિકાના સર્ટીફીકેટ બાદ ચુકવવામાં આવશે

બ. બાકી રહેતું બિલ પ્રિલિમિનરી સ્કીમ નો રેકોર્ડ ડી.આઈ.એલ.આર શ્રી સાબરકાંઠા દ્વારા પ્રમાણિત થતાં ૯૦% બિલ ની ચુકવણી કરવામાં આવશે જ્યારે ૧૦% બિલ ની ચુકવણી પ્રિલિમિનરી સ્કીમ મંજૂર થયા બાદ નગર રચના અધિકારીશ્રી ના પ્રમાણપત્ર આપ્યા બાદ કરવા માં આવશે.

(૭) માપણીના વિસ્તારની વહેંચણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

અ. સર્વે નં. પ્રમાણે માપણી કરાયેલ વિસ્તારમાં ૫૦% કરતાં ઓછુ બાંધકામ હશે તો તેને ખુલ્લા વિસ્તાર તરીકે સમજવાનો રહેશે.

બ. સર્વે નં. પ્રમાણે માપણી કરાયેલ વિસ્તારમાં ૫૦% કરતાં વધું બાંધકામ વાળો વિસ્તાર

કામગીરી પ્રકાર :

(બી) મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનાના રોડના ડીમાર્કેશનની કામગીરી

(૧) એજન્સી દ્વારા જમીન માપણી તથા અન્ય આનુષંગિક તમામ કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૧૦ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૩(ત્રણ) માસમાં પૂર્ણ કરી, સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.

(૨) દરેક માપણીની સોંપણી સમયે એજન્સી દ્વારા જમીન માપણીમાં વપરાશ કરવામાં આવેલ સાધન (ટોટલ સ્ટેશન સર્વે ઇન્સ્ટ્રુમેન્ટ) નું પ્રમાણીત સંસ્થાનું કેલીબ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(3) મુસદ્દારૂપ નગર રચના યોજનાની માપણી તથા CBD-TOZ-RAH અને અન્ય હેતુ માટેની માપણીમાં જીયો રેફરન્સ તથા ટાવર્સ માટે DGPS પોઇન્ટ એસ્ટાબ્લીશ કરવા રહેશે.

સુચવેલ DGPS કન્ટ્રોલ પોઇન્ટથી નવા કન્ટ્રોલ પોઇન્ટ, એક નગર રચના યોજનામાં બે થી ત્રણ, માપણી શાખાના અધિકારીના સુચવ્યા મુજબ મુકવાના રહેશે.

બધી એજન્સીઓ ઓથોરીટી દ્વારા સુચવેલ DGPS થી આગળ કામગીરી કરવાની રહેશે જેથી બધા ડ્રોઇંગ જીઓ રેફરન્સ મળી રહે.

(૪) મીન સી લેવલ( MSL)ને નીર્ધારીત સ્થાનેથી માપણી વાળા વિસ્તારમાં( TBM) સ્થાપીતકરવાનું રહેશે. નિર્ધારીત સ્થાન અને સ્થાપીત સ્થાન વચ્ચેનું અંતર ત્રણકિમી. થી વધુ હશે તો પ્રતિ કિ.મી. દિઠ રૂ.૧૦૦૦/-(અંકે રૂપિયા હજારપુરા) એજન્સીને ચુકવવામાં આવશે. મીન સી લેવલ (MSL)નેમાપણીવાળા વિસ્તારમાં સ્થાપિત કરવાની કામગીરી ઓટો લેવલ ઇન્સ્ટ્રુમેન્ટથી કરવાની રહેશે.

(૫) માપણી વિસ્તારના ગ્રાઉન્ડલેવલની વિગતો સી.એસ.વી.( CSV) ફોર્મેટમાં આપવાની રહેશે.

(૬) રોડની માપણી કામગીરીમાં રોડની લંબાઈના રનીંગ મીટર મુજબ અત્રેથી ચુકવણું કરવાનું રહેશે.

(૭) રોડની બંન્ને બાજુની હદનાં ડીમાર્કેશન માટે સ્થળેકામ નં. "જે" માં નિયત કરેલ ડીઝાઈન મુજબના પથ્થર સર્વે એજન્સીએ લગાવવાના રહેશે,જે દર ૫૦ મીટરનાં અંતરે લગાવવાના રહેશે અને જે જગ્યાએ વળાંક આવતો હોય ત્યાં વધારાના પથ્થર લગાવવાના રહેશે. તથા સદર પથ્થરનું ચુકવણુંકામ નં. "જે" ના ભાવ મુજબ પથ્થર દીઠચુકવવામાં આવશે.

કામગીરી પ્રકાર-:

(સી ) નગર રચના અધિકારીશ્રી દ્વારા તૈયાર કરેલ સૂચિત પ્રારંભિક નગર રચના યોજનાના ફાઇનલ પ્લોટ તથા ઓથોરીટીના ફાળવેલા અનામત પ્લોટના ડીમાર્કેશનની કામગીરી.

(૧) એજન્સી દ્વારા જમીન માપણી તથા અન્ય આનુષંગિક તમામ કામગીરી વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ૧૦ દિવસમાં શરૂ કરી વધુમાં વધુ ૩(ત્રણ) માસમાં પૂર્ણ કરી, સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે.

(૨) દરેક માપણીની સોંપણી સમયે એજન્સી દ્વારા જમીન માપણીમાં વપરાશ કરવામાં આવેલ સાધન (ટોટલ સ્ટેશન સર્વે ઇન્સ્ટ્રુમેન્ટ) નું પ્રમાણીત સંસ્થાનું કેલીબ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૩) રે. સર્વે નં.ના હદ-નીશાન/ અં.ખડોના હદ-નીશાન માટે સ્થળે ૧૦X૧૦×૪૫ સે.મી. કોન્ક્રીટ બ્લોક્સ/ પથ્થર લગાવવાના રહેશે, તથા ડીમાર્કેશનની કાર્યવાહી કરવા માટે જરૂરી નિયત સાઇઝના ટી.પી. સ્ટોન એજન્સીએસ્વખર્ચે મેળવી લગાવવાના રહેશે. સ્થળે ડીમાર્કેશન પૂર્ણ થયે પૂરી પાડવાની માપણી શીટ (A1, A2, A3 વિગેરે સાઇઝ) ગુણાકાર બુક, પ્લોટ બુકઅને ૧:૪ ની માપણી સીટ વિગરે બે(૨) નકલ સ્વખર્ચે પૂરી પાડવાની રહેશે અને એજન્સીએ ડીસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝની કચેરી માંથી પ્રમાણિત કરાવવાની રેહશે. જેની માટે એજન્સીને અલગથી કોઇ નાણાકીય ચુકવણું કરવામાં આવશે નહી.

(૪) ડી.આઇ.એલ.આર. કચેરીમાં માપણી/રેકર્ડ પ્રમાણીત (નિમતાણું) કરવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૫) ડીસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ કચેરી દ્વારા પ્રમાણીત કરવાની થતી તમામ ફીની રકમની ચુકવણી હિમતનગર નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

(૬) ડીસ્ટ્રીક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ઝ કચેરીમાં રેકર્ડ સબમીટ કર્યા તારીખથી પ્રમાણિત થઈ આવે ત્યાં સુધીનો સમયગાળો કામના સમયગાળામાં ગણવામાં આવશે નહી.

અ. ખાનગી ફાયનલ પ્લોટના નગર રચના યોજના તરફેના હદના ડીમાર્કેશન માટે સ્થળે ૧૦x૧૦x૪૫ cm ના કોન્ક્રીટ બ્લોક પથ્થર સર્વે એજન્સીએ લગાવવાના રહેશે. જે જગ્યાએ વળાંક આવતો હોય ત્યાં વધારાના કોન્ક્રીટ બ્લોક પથ્થર લગાવવાના રહેશે. સદર કોન્ક્રીટ બ્લોક પથ્થર સર્વે એજન્સીએ પોતાના સ્વખર્ચે મેળવી લગાવવાના રહેશે

બી. સરકારશ્રી દ્વારા પ્રારંભિક નગર રચના યોજનામાં જે સુધારા કરવાના આવે તે તમામ સુધારા અંગેનું ડીમાર્કેશન તથા રેકર્ડ તૈયાર કરવાની આનુષંગીક કામગીરી કરવાની રહેશે.

(૭) સ્કીમ વિસ્તારના ડી માર્કેટેડ અંતિમખંડોના નકશાને કે.એમ.ઝેડ/કે.એમ એલ. ફાઇલ ફોર્મેટમાં અલગથી આપવાની રહેશે.

(૮) કુલ વિસ્તાર પત્રક રજુ કરવાનું રહેશે.

કામ નં .ડી .:-

રોડ તથા સત્તામાંડળને સંપ્રાપ્ત  થતા રીઝર્વેશનના પ્લોટના ડિમાર્કેશન વખતે લગાવવાના થતા પથ્થરની કામગીરી

Providing & Fixing Precast Boundary stone of (Size:-650mmX300mmX100mm) as per below drawing: M15 grade of concrete in line and level with (100mm in height & 200 mm width) name on it in C.C 1:4:8 (1 Cement : 4 coarse sand : 8 aggregate 20 mm nominal size) (300X450x300 mm size) concrete and curing complete including of formwork, PCC 1:5:10(1 Cement : 5 coarse sand : 10 aggregates 20 mm nominal size), Excavation, Labourcost, Colour paint fair finishing with selected synthetic colour, transportation, fixing on site, etc.

ઈ.એમ.ડી(બાનાની રકમ) સીક્યુરીટી ડીપોઝીટમ ટેક્ષ. ડયુટી બાબત.

(૧) ટેન્ડરરે જણાવ્યા મુજબ બાનાની રકમ (EMD) ટેન્ડર સાથે જમા કરાવવાની રહેશે.

(૨) દરેક ટેન્ડરરે સાથે જણાવેલ બાનાની રકમ (EMD)નો સ્થાનિક રાષ્ટ્રીય/ શીડયુલ્ડ બેંકના પે ઓર્ડર/ ડીમાન્ડ ડ્રાફટ અચુક બીડવાના રહેશે. બાનાની રકમ વિનાના ટેન્ડર રદ થયેલ ગણાશે. આઉંટ સ્ટેશન/ શીડ્યુલ બેંક સિવાયના ચેક/ ડ્રાફટ માન્ય રહેશે નહી. જેની નોંધ લેવી.

(3) એજન્સીઓને લેખિત જાણ કર્યા તારીખથી/એલોટમેન્ટ લેટર મળ્યાની તારીખથી દિન ૩૦ (ત્રીસ)માં સિક્યુરીટી ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ/FDR થી ભરવાની રહેશે. જો તે પ્રમાણે સમયસર ભરાશે નહી તો બાનાની રકમ ( EMD) જપ્ત કરવાની કાર્યવાહી કરી શકશે તથા ટેન્ડરરના હક્કો અપોઆપ રદ થશે. જે અંગે કોઇ તકરાર ચાલી શકશે નહી. સિક્યુરીટી ડીપોઝીટની રકમ ભરવામાં નિયત સમયથી વધુ સમય લાગશે તો વિલંબીત સમયગાળા માટે સિક્યુરીટી ડીપોઝીટની રકમ પર વાર્ષિક ૧૮% ના દરે પેનલ્ટી વસુલ લેવામાં આવશે. એજન્સીઓ નિયત સમયમાં માપણી કામગીરી ન કરે તો અથવા અન્ય કોઇ પણ શરતો/કરારનો ભંગ કરે તો સદર સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૪) એજન્સી દ્વારા વર્ક ઓર્ડર સ્વીકાર્યા બાદ અઠવાડીયાની અંદર સિક્યુરીટી ડીપોઝીટ માટેની રકમ ભરી આપવાની રહેશે. જો આમ કરવામાં ટેન્ડર રાખનાર નિષ્ફળ નિવડશે તો તેણે ભરેલ બાનાની રકમ (EMD)ની રકમ જપ્ત કરવામાં આવશે અને તે શખ્શના ખર્ચે અને જોખમે ફરીથી ટેન્ડરની માંગણી કરવામાં આવશે.

(૫) સિક્યુરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ આ કામગીરી અંગેના કરાર પાલનની જામીનગીરી તરીકે હિમતનગર નગરપાલિકા પાસે અનામત તરીકે રાખવામાં આવશે અને ફાળવણીની શરતોનું પાલન થયુ હશે તો મુદત પુરી થયેથી એજન્સીઓને વગર વ્યાજે પરત કરવામાં આવશે.

(૬) સિક્યુરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ એજન્સીઓને સાઇટ પર કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સિક્યુરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફીની રકમ ભરપાઇ કરવામાં જો વિલંબ થશે તો તે એજન્સીઓની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમયમર્યાદામાં કોઇ પણ જાતનો વધારો કરી આપવો કે કેમ તે અંગે નિર્ણય લેવાની સત્તા અબાધિત રહેશે.

(૭) આવેલ ઓફરો પૈકી સ્વીકારવામાં આવેલ ઓફર સિવાયના અન્ય ટેન્ડરરોએ ટેન્ડર સાથે જમા કરાવેલ બાનાની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે, એજન્સીઓના બાનાની રકમ જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ જ પરત આપવામાં આવશે.

ઉપરોકત તમામ શરતો પૈકી કોઇપણ શરતનું પાલન જો એજન્સીઓ તરફથી કરવામાં ન આવે તો આ સંસ્થા તરફથી દિન-૩૦માં નોટીસ આપી કામગીરીમાંથી મુક્ત કરવામાં આવશે અને આ તબક્કે કરેલ કામગીરી અંગે કોઇપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

ટેન્ડરર એજન્સીની સહી તથા સિક્કો

મેં / અમે ટેન્ડર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે. તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેના સમજ્યા છીએ અને મને / અમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઈ પણ વાદ -વિવાદ કે અપીલ કરીશ નહીં.

તારીખ : -

સ્થળ :-

ટેન્ડરર એજન્સીની સહી તથા સિક્કો

# પ્રમાણપત્ર

ઉપર જણાવેલ તમામ શરતો પુરેપુરી વાંચી, સમજી અને તે પ્રમાણે વર્તમાની ખાત્રી આપીને આ ટેન્ડર ભરવામાં આવેલ છે અને ઉપરોક્ત શરતો પ્રમાણે વર્તવાની હું શ્રી.............................................................આથી લેખિત બાંહેધરી આપુ છું.

માલિક/ભાગીદારના નામ તથા સહી:-

૧)

૨)

3)

૪)

પત્રક-૩

## હકીકતલક્ષી ફોર્મ

હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ટોટલ સ્ટેશન/DGPS/DRONE મશીનથી માપણી કરવા તથા તેને આનુસાંગીક અન્ય કામગીરી કરવા માટેની એસોસીએશન, એજન્સી કે જેમાં એક વ્યકિત કે વધુ વ્યકિતઓથી કોઈ સંસ્થા બનાવી હોય તેમણે પુરી પાડવાની માહિતી:-

(૧) સંસ્થાનું નામ :-

(૨) સંસ્થાનું સરનામું (ફોન નંબર સાથે) :-

(૩) માલિકનું નામ તથા સરનામું (ફોન નંબર સાથે) :-

(૪) સંચાલકનું નામ તથા સરનામું (ફોન નંબર સાથે) :-

(૫) ભાગીદારી પેઢી હોય તો ભાગીદારોના નામ તથા સરનામા(ફોન નંબરો સાથે) :-

(૧)

(૨)

(૩)

(૬) શોપ એસ્ટાબ્લીશમેન્ટ નંબર :-
(તાજુ કરાવેલ પત્રમાણપત્રની નકલ સામેલ કરવી)

(૭) કાયમી ઈન્કમટેક્ષ રજીસ્ટ્રેશન નંબર હોય તો જણાવવો. :-
તથા છેલ્લા વર્ષનું ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટી રજુ કરવું. :-

(૮) જી.એસ.ટી. નંબર :-

(૯) ભાગીદારી પેઢીના ભાગીદારી કરારની નકલ રજુ કરવી :-

(૧૦) સંયુકત અથવા વ્યકિતગત રીતે કંપનીની જે કોઈ જવાબદારી ઉભી થાય તે માટે જવાબદારી લેવા બાબતની લેખિત બાંહેધરીનું લખાણ.

ઉપરોકત જણાવેલ હકીકત સાચી છે. જેની અમો ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.

માલિક/ભાગીદારનું નામ:- સહિ

(૧) ...................................................... ..............................................................

(૨) ...................................................... ..............................................................

પત્રક-૪

બાહેધરી પત્રક

આથી હું નીચે સહી કરનાર ........................................................................................ રહે.............................................................................................................................આ ટેન્ડરમાં જણાવેલ તમામ શરતો પુરેપુરી વાંચી, સમજી તે પ્રમાણે વર્તવાની ખાત્રી આપીને આ ટેન્ડર ભરું છું તથા ટેન્ડર ફોર્મમાં હિંમતનગર નગરપાલિકા, હિંમતનગર વિસ્તારમાં ટોટલ સ્ટેશન મશીનથી માપણી કરવા તથા તેને આનુસાંગીક કામગીરી કરવા તથા તમામ પ્રકારના મ્યુનિસિપલ ટેક્ષ તથા સરકારી કરવેરાઓ અલગથી નિયમ મુજબ આપવા બંધાઉ છું. સોંપેલ કામ અંગેની તમામ જવાબદારી મારી છે. મારી ઉપર પ્રમાણેની ટેન્ડરમાં જણાવેલ મંજુર થયેલ રકમ નિયત સમયમર્યાદામાં ભરવાની હું બાંહેધરી આપું છું. આ ટેન્ડરની બાનાની રકમ....... ........... હિંમતનગર નગરપાલિકા ની શીડયુલ્ડ બેંકમાં વટાવી શકાય તેવા પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફ્ટ નં.................... ..બેંક, હિંમતનગર નગરપાલિકાનો આ સાથે સામેલ કરેલ છે.

સંસ્થાનું નામ તથા સિકકો :-

સંસ્થાનું પુરૂં સરનામું :-

ટેન્ડરરનું પૂરૂં નામ :-

ટેન્ડરરની સહી :-

તા.

પત્રક-૫

એજન્સી વિષેની સામન્ય માહિતી

પત્રક-૬

અનુભવના પ્રમાણ પત્રો

પત્રક-૭

ટોટલ સ્ટેશનના સાધનોની માલીકી પુરવાર કરતી વિગતો (બીલો રજુ કરવા)

પત્રક-૮

એજન્સીના કર્મચારીઓની લાયકાતની વિગતો સંબંધીત પ્રમાણ પત્રો સહીત.

પત્રક-૯

એજન્સીની નાણાકીય ક્ષમતા દર્શાવતુ પત્રક
(સી.એ. દ્વારા પ્રમાણીત કરાયેલ બેલેન્સ સીટ અને ટર્નઓવર સર્ટીફીકેટ)

# હિમતનગર નગરપાલિકા, હિમતનગર

## પત્રક-૧૦

## ઓફર ફોર્મ (ભાવ પત્રક)

એજન્સી દ્વારા નિયત નમૂનામાં જ ભાવ પત્રક માત્ર ને માત્ર ઓનલાઇન જ અપલોડ કરવાનું/ ભરવાનું રહેશે.

હિમતનગર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લા અને બાંધકામ વાળા વિસ્તારમાં અંદાજીત ૫૩૮.૦૬ હેકટર વિસ્તારમાં ટોટલ સ્ટેશન D.G.P.S./DRONE મશીનથી માપણી કરી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (હિંમતનગર-મોતીપુરા), મુસદ્દારૂપ નગર રચના યોજના નં.3 (હિંમતનગર) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (હિંમતનગર) સૂચિત નગર રચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની, રેકર્ડ તૈયાર કરવાની તથા ડીમાર્કેશન અંગેની કામગીરી માટે લાયક સર્વે એજન્સીઓની નુ ભાવ પત્રક

| કામ નં. | કામની વિગત | એકમ | ભાવ (રૂપીયામાં) |
|---|---|---|---|
| કામ નં. એ | સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનામાં સમાવિષ્ટ વિસ્તારની માપણીની કામગીરી<br><br>અ. ખુલ્લો વિસ્તાર<br>બ. ૫૦% કરતા વધુ બાંધકામ વાળો વિસ્તાર | પ્રતિ હેક્ટર | અ.<br>બ. |
| કામ નં. બી | મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના અથવા અન્ય રોડના ડીમાર્કેશનની કામગીરી | રનિંગ મીટર | |
| કામ નં. સી | પ્રારંભિક/અંતિમ મંજૂર નગર રચના યોજનાના ડીમાર્કેશન તથા રેકર્ડ તૈયાર કરવાની કામગીરી | પ્રતિ હેક્ટર | |
| કામ નં. ડી | રોડ તથા રિઝર્વેશન પ્લોટ ડીમાર્કેશન માટે પથ્થર લગાવવાની કામગીરી | પ્રતિ પથ્થર | |

નોંધ : ઉપર ના ભાવ GST વિનાના ભરવાના રેહશે. GST અલગ થી ચૂકવામાં આવશે.

ટેન્ડરર / એજન્સીની સહી તથા સિક્કો